**મેડીકલ/એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને અપાતી સાધન સહાય યોજનાના પ્રવર્તમાન દરમાં વધારો કરવાની નવી બાબતની વહીવટી મંજુરી બાબત.(માંગણી ક્રમાંક-૯૩)**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: TDD/EEF/e-file/25/2023/0240/G Section**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: શક્ષણ/૨૦૨૦૧૫/૬૫૩/ગ

૨. નિયામકશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૧૨/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:DOTD/ARM/e-file/242/2022/0708/Education

**આમુખ:**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧)પરના ઠરાવથી અનુસૂચિત જનજાતિના મેડીકલ/એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાય યોજના અંગે સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ. ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના નિયામકશ્રી (આ.વિ.) ની કચેરીના પત્રથી સાધન સહાય યોજનાના દરમાં વધારો કરવા બાબતે વર્ષ:૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ કરવા રૂ.૪૩.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વક વિચારણાના અંતે, નાણાકીય વર્ષ:૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સામેલ અનુસુચિત જનજાતિના મેડીકલ/એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સાધન સહાયમાં હાલના દરમાં વધારો કરવા રૂ.૪૩.૦૦ લાખની નવી બાબતને નીચે જણાવેલ પત્રકમાં દર્શાવેલ સુધારેલ દર મુજબ નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અભ્યાસક્રમ | હાલના દર (વાર્ષિક) | નવા સુધારેલ દર (વાર્ષિક) |
|---|---|---|
| મેડીકલ | રૂ!. ૧૦,૦૦૦/- | રૂ!. ૧૫,૦૦૦/- |
| ડીગ્રી એન્જીનીયરીંગ | રૂ!. ૮,૦૦૦/- | રૂ!. ૧૦,૦૦૦/- |
| ડીપ્લોમાં એન્જીનીયરીંગ | રૂ!. ૩,૦૦૦/- | રૂ!. ૫,૦૦૦/- |

**શરતો:-**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(આ.વિ.)એ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ જિલ્લા કક્ષાએ મદદનીશ કમિશનરશ્રી/આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી તથા રાજ્ય કક્ષાએ નિયામકશ્રી, આ.વિ.ની કચેરી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ(GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક – ૯૩ આયોજન મુખ્ય સદર: ૨૨૨૫- અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર:૦૪ વીકેવાય-૭: ઉચ્ચ ગુણવત્તાવાળુ ઉચ્ચ શિક્ષણ આપવા માટેની યોજના(મેડીકલ/એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાય) હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**જયદેવસિંહ વાઘેલા**

**ઉપસચિવ**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.05.11 13:17:52 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign